### સેઝના ડેવલપમેન્ટ કમિશનરના હસ્તે અભિયાનનો પ્રારંભ

# દહેજ સેઝમાં પ્રદૂષણની માત્રા ઘટાડવા માટે ચાર લાખ વૃક્ષોનું વાવેતર કરાશે

## વૃક્ષો અને સફાઇ અંગે જનજાગૃતિ લાવવા પ્રયાસો હાથ ધરાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ ખાતે આવેલા સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનમાં ઘણી કંપનીઓ આવેલી છે. તેના વિસ્તારોને વિકસિત કરવાનું કામ સેઝ દ્વારા કરવામાં આવે છે. જેના ભાગરૂપે શુક્રવારના રોજ સેઝના ડેવલપમેન્ટ કમિશનર અનીલકુમાર ચૌધરી તેમના પત્ની આભા ઝા ચૌધરી તથા કસ્ટમના આસીસ્ટન કમિશનર દુષ્યતકુમાર ત્યાગીના હસ્તે સેઝ ઓફિસ સહિતના વિસ્તારોમાં વૃક્ષારોપણ કર્યું હતું. સમગ્ર દહેજ સેઝ તેમજ આજુબાજુના વિસ્તારોમાં 4 લાખ વૃક્ષોના વાવેતરનો સંકલ્પ લેવાયો છે. જેમાંથી અત્યાર સુધી તેમના દ્વારા 1.5 લાખ વૃક્ષોનું વાવેતર કરીને તેની માવજત કરવાંના પ્રતિજ્ઞા પણ લીધી છે. ત્યાર બાદ કમિશનરે અને તેમની ટીમે સ્વછતા અભિયાન અંતર્ગત આસપાસના વિસ્તારોમાં સફાઈ કરી હતી. કાર્યક્રમ અંગે અનીલકુમાર ચૌધરીએ જણાવ્યું હતું કે, આ પ્રકારના કાર્યક્રમોથી આસપાસના વિસ્તારોના લોકોમાં વૃક્ષારોપણ અને સફાઈ અંગે જાગૃતા આવે છે.



દહેજ ખાતે સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનમાં ડેવલપમેન્ટ કમિશ્નરના હસ્તે વૃક્ષા રોપણ અને સ્વછતા અભિયાન કાર્યક્રમ યોજાયો હતો.